# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-11-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રાપર અને માંડવીમાં એકતા યાત્રા

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે સમગ્ર રાજ્યમાં વિધાનસભા વિસ્તારોમાં ઉજવણી કરવામાં આવી રહી છે જે અંતર્ગત રાપર અને માંડવી વિધાનસભા વિસ્તારમાં એકતા પદયાત્રાનું આયોજન કરાયું હતું.

રાપર વિધાનસભાની કલ્યાણપર ગામ ખાતેથી ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા અને જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાએ પદયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પદયાત્રા વિવિધ વિસ્તારોમાં ફરી હતી  સમાપન વેળાએ સર્વે નાગરિકોએ સ્વદેશી અપનાવવાના શપથ ગ્રહણ કર્યા હતા.

માંડવીમાં પ્રાગપર આશાપુરા મંદિરથી ન્યુ મુંદરા સુધીની પદયાત્રાને ધારાસભ્ય અનિરુધ્ધભાઇ દવેએ ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે નાગરિકોએ સ્વદેશી ચીજવસ્તુઓના ઉપયોગથી આત્મનિર્ભર ભારત નિર્માણમાં યોગદાન આપવાના સામૂહિક શપથ લીધા હતા

બંને યાત્રાઓમાં રાજકીય પદાધિકારીઓ, અધિકારીઓ અને ગ્રામજનો બહોળી સંખ્યામાં જોડાયા હતા.

---

## ધર્મેન્દ્રનું અવસાન :

બોલિવૂડના 'હી-મેન' અને પીઢ અભિનેતા ધર્મેન્દ્રનું આજે નિધન થયું છે. તેઓ ૮૯ વર્ષના હતા અને લાંબા સમયથી બીમાર હતા. તેમના નિધનથી ભારતીય સિનેમાના એક યુગનો અંત આવ્યો છે.

પંજાબથી સાધારણ શરૂઆતથી લઈ દિગ્ગજ ફિલ્મ કલાકાર બનવા સુધી સ્વર્ગીય ધર્મેન્દ્રનું જીવન જુસ્સા અને સિનેમાથી ભરપૂર રહ્યું. વર્ષ 1935માં જન્મેલા ધર્મેન્દ્રએ ફિલ્મ દિલ ભી તેરા હમ ભી તેરેથી ફિલ્મી સફરની શરૂઆત કરી. ત્યારબાદ શોલે, સત્યકામ, ચુપકે ચુપકે, ગુલામી, મેરા ગાંવ મેરા દેશ, નૌકર બીવી કા, આઈ મિલન કી બેલા, પ્રતિજ્ઞા, ધરમવીર જેવી ફિલ્મોથી તેમણે પોતાના ભવ્ય અભિનયનો પરિચય આપ્યો.

છ દાયકાથી વધુની કારકિર્દીમાં તેમણે 300થી વધુ ફિલ્મોમાં કામ કર્યું. ધર્મેન્દ્રને 70-ના દાયકામાં વિશ્વના સૌથી આકર્ષક પુરુષમાંથી એક તરીકે પસંદ કરાયા હતા. વર્ષ 2012માં તેમને પદ્મવિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

---

## આદિપુરમાં સ્પેશ પ્રદર્શન :

ગાધીધામ મહાનગરપાલિકા અન ઈસરો અમદાવાદના ઉપક્રમે આદિપુર ખાતે ત્રણ દિવસીય સ્પેશ પ્રદર્શનનો આરંભ કરાયો છે. મ્યુનીસીપલ કમીશનર મનીષ ગુરવાણીએ જણાવ્યું હતું કે આ પ્રકારના કાર્યક્રમોથી વિદ્યાર્થીઓ અને જનતામાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાશે અને વિજ્ઞાન અને ટેકનોલોજીમાં રસ કેળવાશે . પ્રથમ દિવસે ગાંધીધામ આદિપુરની વિવિધ શાળાના 2600 જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. જાહેર જનતાએ પણ મુલાકાત લઈને આયોજનને બીરદાવ્યું હતું. આ પ્રદર્શન આવતીકાલ સુધી સવારે 9 થી સાંજે પાંચ વાગ્યા સુધી રહેશે.

---

## પ્રધાનમંત્રી વિકસીત ભારત રોજગાર યોજના અંગે માર્ગદર્શન :

દેશમાં રોજગારીનું પ્રમાણ વધારવા અને યુવાઓને નવા રાજગોરના અવસરોથી જોડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલી પ્રધાનમંત્રી વિકસિત ભારત  રોજગાર યોજના અંગે માર્ગદર્શન અને માહિતી અંગે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ  તથા ઈ.પી.એફ.ઓ.ના સંયુક્ત ઉપક્રમે ગાંધીધામમાં સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે ચેમ્બરના પદાધિકારીઓએ યોજના અંગેના ફાયદા વિશે જણાવ્યું હતું.  રાજકોટના રીજિયોનલ  પ્રોવિડન્ટ ફંડ કમિશનર દ્વારા યોજનાના કાયદાકીય પાસા, અમલીકરણ પ્રક્રિયા અને ઉદ્યોગમાં મળતા લાભ  અંગે માહિતી આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------------

## આહીર શૌર્ય દિવસની ઉજવણી:

આહીર સેના કચ્છ જિલ્લા દ્વારા રેજાગલા યુધ્ધના 114 આહીર વીર સૈનિકોની યાદમાં આહીર શૌર્ય દિવસ અને આહીર મહારાસનું હાજલદાદા જાગીર-ભારાપર ખાતે  ઉજવણી કરાઈ હતી. શૌર્ય દિવસ અને મહારાસ કાર્યકમ પૂર્વે બાઈક રેલી યોજાઇ હતી.   રેલીમાં વિવિધ પ્રકારની ઝાંખી રજૂ કરાઈ હતી. ભારાપર જાગીર મધ્યે ધ્વજારોહણ, મહાઆરતી અને વીર આહીર શહીદોને વીરાંજલિ અને નિવૃત્ત આર્મી જવાનોને સન્માનિત કરાયા હતા, ત્યાર બાદ જાગીર પરિસરમાં આહીર મહારાસ યોજાયો હતો.

---------------------------------------------------------------------------------------------------

## ઉખેડામાં પ્રવેશ દ્વાર,બસ સ્ટોપનું  ખાતમુહર્ત:

નખત્રાણા તાલુકાનાં ઉખેડા ગામે  દાતાઓના સહયોગથી  પ્રવેશદ્વાર, બસ સ્ટોપ તથા ચબૂતરાનાં ખાતમુહૂર્ત કરાયાં હતાં. બસ સ્ટોપના દાતા  ઉખેડા સુરાણી પરિવાર, પ્રવેશદ્વારના દાતા જેઠા નથુ ભાદાણી અને સ્વર્ગવાસી લાલબાઈ અખઈ શિવજી ભાદાણી પરિવાર અને ચબૂતરાના દાતા સ્વર્ગવાસી પ્રેમજી વાલજી પોકાર હસ્તે દિનેશ પોકાર, રમેશ પોકાર  રહ્યા હતા. ગામના વિવિધ જ્ઞાતિના લોકો દ્વારા દાતાઓનું સન્માન કરાયું હતું. સરપંચ તુષારભાઇ

ગોસ્વામીએ ગામના સારા કાર્યો થકી શોભા વધતા વિકાસમાં સહભાગી થવા બદલ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

--------------------------------------------------------------------------------

## વિષમ વાતાવરણથી સિઝનલ ફ્લુ :

કચ્છમાં વિષમ વાતાવરણના કારણે સિઝનલ ફ્લુનું પ્રમાણ વધ્યું છે. મિશ્ર હવામાનના કારણે તાવ, શરદી, પેટમાં દુ:ખાવો સહિતના ઋતુજન્ય રોગોનું પ્રમાણ સતત વધી રહ્યું છે. તબીબોના જણાવ્યાનુસાર સાદા તાવ અને શરદી સહિતના વાયરલ રોગોની સાથે સિઝનલ ફ્લુના કેસો પણ જોવા મળી રહ્યા છે. સિઝનલ ફ્લુમાં શરીરમાં કળતર, તાવ આવવો, માથું દુ:ખવું જેવાં લક્ષણો જોવા મળે છે. સિઝનલ ફ્લુથી રક્ષણ મેળવવા માટે ઠંડકવાળા સમયમાં શરીરને પૂરતા પ્રમાણમાં ઢાંકીને બહાર નીકળવા, ખાન-પાનમાં વિશેષ કાળજી રાખવા સહિતના આવશ્યક તકેદારીનાં પગલાં ભરવા તબીબો દ્વારા ઉપાયો સૂચવાયા છે.

--------------------------------------------------------------------------------

## રાપરમાં મતદારયાદી સુધારણા:

મતદાર યાદી સુધારણા અભિયાન અંતર્ગત રાપરમાં ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રક્રિયામાં, મતદારોને એકબીજાને મદદરૂપ થવા અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને, જે મતદારોને હજુ સુધી ફોર્મ મળ્યા નથી અથવા ફોર્મ ભરવામાં કોઈ મુશ્કેલી પડી રહી છે, તેમને બીએલઓ દ્વારા સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

--------------------------------------------------------------------------------